[૨૦]

**પ્ર. ૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

**(૧) પાઠપૂર્તિ કરો. (૪)**

૧. સંકિએ **સહસાગારે અણેસણાએ પાણ ભોયણાએ બીય ભોયણાએ** હરિય

૨. સાગ વિહિં **માહુરય વિહિં જેમણ વિહિં પાણિય વિહિં મુહવાસ વિહિં** વાહણ વિહિં

**(૨) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય તે સુધારીને લખો. (૨×૩)**

| | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૧. પડ્ઇક્કમણં | **અશુદ્ધ** | **પડિક્કમણં** |
| ૨. કુઈ | **અશુદ્ધ** | **કુઈએ** |
| ૩. કરંત | **અશુદ્ધ** | **કરંતં** |
| ૪. અટ્ટેણં | – | **શુદ્ધ** |

**(૩) નીચેના શબ્દ કયા પાઠમાં છે? એ પાઠ નામ સહિત લખો.**

૧. સંથરીને　**સંલેખના સૂત્ર**　૨. કેસ　**ઉવભોગ પરિભોગ પરિમાણ વ્રત (સાતમું વ્રત)**

૩. છીએ　**શચ્યા સૂત્ર**　૪. અવ્રત　**પ્રતિક્રમણ સમાપ્તિ સૂત્ર (છટ્ઠો પચ્ચક્ખાણ આવશ્યક)**

(૪) મનનો આઠમો, વચનનો બીજો, કાયાનો ચોથો અને બારમો દોષ લખો.

**જ. મનનો આઠમો–રોષ દોષ, વચનનો બીજો–સહસાકાર દોષ, કાયાનો ચોથો–સાવદ્યક્રિયા દોષ, બારમો–વૈયાવૃત્ય દોષ.**

**(આ) આવશ્યક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (માત્ર જવાબ લખવા.) (૧૦)**

૧. જીવોનું ભવભ્રમણ કેવી રીતે વધે છે?

**જ. શરીરના મમત્વથી અન્ય અનેક સ્થાને મમત્વ ભાવ ઉત્પન્ન થાય છે, તેનાથી ભવભ્રમણ વધે છે.**

૨. કાયોત્સર્ગથી શેની વિશુદ્ધિ થાય છે?

**જ. કાયોત્સર્ગથી પ્રતિક્રમણ આવશ્યક પછી શેષ રહેલા દોષોની વિશુદ્ધિ થાય છે.**

૩. ક્રિયાની શુદ્ધિ માટે શું કરવાનું છે?

**જ. ક્રિયાની શુદ્ધિ માટે તેમાં લાગેલા દોષોના ચિંતનરૂપ કાયોત્સર્ગ કરે છે.**

૪. દોષથી નિવૃત્ત થયેલો સાધક શું કરે છે?

**જ. દોષથી નિવૃત્ત થયેલો સાધક આશ્રવનો નિરોધ કરે છે.**

૫. કારણની અપેક્ષાએ પ્રતિક્રમણના પ્રકાર લખો.

**જ. ૧) મિથ્યાત્વનું ૨) અવ્રતનું ૩) પ્રમાદનું ૪) કષાયનું ૫) યોગનું.**

૬. આયંબિલ અને નિર્વિકૃતિમાં કેટલા આગાર છે?

**જ. આયંબિલમાં ૮ આગાર અને નિર્વિકૃતિમાં નવ આગાર છે.**

૭. અભિગ્રહ એટલે શું?

**જ. અભિગ્રહ એટલે પોતાનો નિશ્ચિત કરેલો સંકલ્પ પૂર્ણ ન થાય ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કરવો.**

૮. સંક્ષેપમાં પ્રતિક્રમણથી શું થાય છે?

**જ. સંક્ષેપમાં પ્રતિક્રમણથી ભૂતકાલીન ભૂલો તથા અશુભયોગથી નિવૃત્તિ થાય છે.**

૯. પાપનો રસ કેવી રીતે ઘટે છે?

**જ. પાપનો પાપ રૂપે સ્વીકાર કરવા માત્રથી પાપનો રસ ઘટી જાય છે.**

૧૦. ભાવ વ્રણ શું છે?

**જ. ચારિત્રમાં અતિચારના સેવનથી ઘાવ પડે તે ભાવ વ્રણ છે.**

**પ્ર. ૨ (અ) સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ચારિત્ર સમાધિથી કોણ દૂર રહે છે?

**જ. પોતાની જાતને અમર માનીને દિવસ–રાત ધનપ્રાપ્તિ, ધનસંચય, સાંસારિક પદાર્થો,પરિવાર આદિમાં મમત્વભાવ રાખી તેની રક્ષા કે તેની વૃદ્ધિની ચિંતામાં જ મગ્ન રહે છે. તેઓ સમાધિના કારણભૂત ત્યાગ– વૈરાગ્ય કે સંયમ–તપ આદિ આરિત્ર સમાધિથી દૂર રહે છે,**

૨. ભાવ માર્ગ કેવો છે? તે શા માટે ત્રૈકાલિક સત્ય છે?

**જ. ભાવ માર્ગ સત્ય છે, પૂર્ણ છે, ન્યાયયુક્ત છે. આ માર્ગ જ મને દુ:ખોથી મુક્ત કરીને અંતિમ લક્ષ્યરૂપ સિદ્ધ ગતિ પ્રાપ્ત કરાવશે. ભૂતકાળમાં અનંતા જીવો આ માર્ગથી જ દુ:ખ મુક્ત થયા છે, વર્તમાનમાં અનેક જીવો આ માર્ગ પર પરાક્રમ કરીને સમાધિ પ્રાપ્ત કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ અનંતા જીવો આ માર્ગથી જ શાશ્વત સુખ પ્રાપ્ત કરશે.**

૩. રાગ–દ્વેષ શેમાં નથી કરવાનો? શા માટે? આહારની આસક્તિ કેવા પાપ કરાવે છે? કઈ સમિતિ છે?

**જ. આહાર–પાણીની ગવેષણામાં કે આહાર ગ્રહણ કરવામાં કે નિર્દોષ આહાર–પાણીના ભોગવટામાં રાગ–દ્વેષ નથી કરવાનો કારણ કે દોષિત આહાર અહિંસા મહાવ્રતને દુ:ષિત કરે છે. આહારની આસક્તિ ક્યારેક છળ– પ્રપંચ, અસત્ય આચરણ, ચોરી કે આહારની સંગ્રહવૃત્તિ જાગૃત થાય છે. એષણા સમિતિ છે.**

૪. વિનયવાદીનું કથન શા માટે યોગ્ય નથી?

**જ. વિનયવાદીનું કથન એકાંતિક હોવાથી યથાર્થ નથી. વિનય ધર્મનું મૂળ છે. ચારિત્રનું અંગ છે પરંતુ સમ્યગ્ દર્શન કે સમ્યગ્ જ્ઞાન વિનાનો વિનય મોક્ષ સાધક નથી. વિવેક વિનાના વિનયથી દોષોનો નાશ થતો નથી અને આ પ્રકારના મિથ્યાગ્રહ યુક્ત વિનયથી સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તિ થાય તે કથન યોગ્ય નથી.**

૫. સાધુનું લક્ષ શું છે? ભાવ સમાધિનું મુખ્ય કારણ શું છે? કઈ ભાવના ભાવે છે? કષાયોનો ત્યાગ કેવી રીતે કરે છે?

**જ. સમાધિભાવમાં સ્થિર રહેવું તે સાધુનું લક્ષ છે. એકત્વભાવનું ચિંતન પરસંગથી છૂટવાનું સાધન છે અને તે જ ભાવ સમાધિનું મુખ્ય કારણ છે. એકત્વ ભાવના ભાવે છે. જીવનના પ્રત્યેક વ્યવહારમાં હું શુદ્ધ આત્મા છું તે સિવાયના તમામ ભાવો કર્મજન્ય છે, આવી દઢતમ સમજણથી કષાયોનો ત્યાગ કરે.**

**(આ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. મુંડન ૧, ૪, ૭, ૧૦ એ અર્થ સાથે લખો.

**જ. ૧) શ્રોત્રેન્દ્રિય મુંડન–શ્રોત્રે.ના વિષયનો ત્યાગ કરનારા શ્રોત્રેન્દ્રિયને નિયંત્રણમાં રાખનારા ૪) જિહ્વેન્દ્રિય મુંડન–જિહ્વેન્દ્રિયના વિષયોનો ત્યાગ કરનારા ૭) માન મુંડન–માન કષાયને જીતનારા ૧૦) શિરો મુંડ– મસ્તકના કેશનું મુંડન કરનારા.**

૨. ૭ થી ૧૦ સુખના નામ લખો.

**જ. ૭) અસ્તિ–જ્યારે જે વસ્તુની જરૂરિયાત હોય ત્યારે તેની પૂર્તિ થઈ જવી. ૮) શુભ યોગ–સુંદર રમ્ય ભોગોની પ્રાપ્તિ ૯) નિષ્ક્રમણ–પ્રવ્રજિત થવાનો યોગ મળવો. ૧૦) અનાબાધ–અવ્યાબાધ સુખ, જન્મ–મૃત્યુ આદિથી રહિત એવું મુક્તિનું સુખ.**

૩. પ્રત્યાખ્યાનનો ચોથો અને દશમો ભેદ લખો.

**જ. ૪) નિયંત્રિત પ્રત્યાખ્યાન–જે દિવસે જે પ્રત્યાખ્યાન કરવાનો નિશ્ચય કર્યો છે, તે દિવસે રોગાદિ કોઇપણ પ્રકારની બાધાઓ આવે, તેમ છતાં તેને ન છોડતા નિયમપૂર્વક પૂર્ણ કરવા. ૧૦) અદ્ધા પ્રત્યાખ્યાન–અદ્ધા– કાલ વિશેષને નિયત કરીને પ્રત્યાખ્યાન કરવા. જેમ કે પોરસી, બે પોરસી, માસક્ષમણ, અર્ધ માસક્ષમણ વગેરે.**

૪. શ્રમણ સમાચારીનો ચોથો અને નવમો પ્રકાર લખો.

**જ. ૪) આવશ્યકી સમાચારી–ઉપાશ્રયની બહાર જતી વખતે હું આવશ્યક કાર્ય માટે બહાર જાઉં છું એમ દર્શાવવા**

**માટે આવસ્સહી આવસ્સહી શબ્દનું ઉચ્ચારણ કરવું. ૯) નિમંત્રણ સમાચારી–હું આપના માટે આહારાદિ લઈ આવું? આ રીતે ગુરુજનોને નિમંત્રિત કરવા.**

૫. ભગવાનને ક્યારે નિદ્રા આવી? તેમાં તેમણે કેટલા સ્વપ્ન જોયા? સાતમું સ્વપ્ન અને તેનું ફળ લખો.

**જ. ભગવાનને છદ્મસ્થ અવસ્થાની અંતિમ રાત્રિએ સ્વલ્પ નિદ્રા આવી. તેમાં તેમણે ૧૦ સ્વપ્ન જોયા. ૭) શ્રમણ ભગવાન મહાવીર નાના–મોટા તરંગોથી વ્યાપ્ત એક મોટા મહાસાગરને ભુજાઓથી તરી ગયા, તે પ્રમાણે સ્વપ્ન જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરે અનાદિ અનંત, દીર્ઘકાલીન ચાતુરન્ત નરક આદિ ચાર ગતિવાળા સંસાર કાંતારને પાર કર્યા.**

**(૧૦)**

**પ્ર. ૩ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે એક વાક્યમાં જવાબ લખો.**

૧. નારદને શા માટે દ્રૌપદી પર ગુસ્સો આવ્યો?

**જ. દ્રૌપદીએ નારદનો આદર ન કર્યો, ઊભા ન થયા તેથી નારદને દ્રૌપદી પર ગુસ્સો આવ્યો.**

૨. કૃષ્ણ વાસુદેવે કોની સાથે શું સંદેશ મોકલ્યો?

**જ. કૃષ્ણ વાસુદેવે દારુક સાથે સંદેશો મોકલ્યો કે તે દ્રૌપદી દેવી કૃષ્ણ વાસુદેવને સોંપી દે નહીં તો યુદ્ધ માટે તૈયાર થઈ જાય.**

૩. સુકુમાલિકાએ પહેલીવાર કોની પાસે ધર્મ સાંભળ્યો? શું કર્યું?

**જ. સુકુમાલિકાએ પહેલીવાર ગોપાલિકા આર્યા પાસે ધર્મ સાંભળ્યો. શ્રાવિકાધર્મ સ્વીકાર્યો.**

૪. અમરકંકા નામ શા માટે પ્રસિદ્ધ છે?

**જ. અમરકંકા નગરીની પ્રમુખતાને કારણે આગમ શાસ્ત્રોમાં આ અધ્યયનનું નામ અમરકંકા નામ પ્રસિદ્ધ છે.**

૫. સોમે નાગશ્રીને કયા શબ્દોથી ફિટકારી?

**જ. સોમે નાગશ્રીને પાપિણી, પતિતા વગેરે આક્રોશભર્યા શબ્દથી ફિટકારી.**

૬. બે વાસુદેવનું મિલન કોના સમયમાં થયું?

**જ. બે વાસુદેવનું મિલન ભગવાન નેમનાથના સમયમાં થયેલી એક આશ્ચર્યકારી ઘટના છે.**

૭. શાક ખાધા પછી ધર્મરુચિ અણગારને કેવી વેદના ઉત્પન્ન થઈ?

**જ. શાક ખાધા પછી ધર્મરુચિ અણગારને દુઃખકારી અને દુસહ્ય વેદના ઉત્પન્ન થઈ.**

૮. દ્રૌપદી આર્યાએ કેટલો અભ્યાસ કર્યો? ક્યાં ઉત્પન્ન થયા?

**જ. દ્રૌપદી આર્યાએ સામાયિકથી લઈ ૧૧ અંગનો અભ્યાસ કર્યો. બ્રહ્મલોક નામના દેવલોકમાં દ્રુપદ દેવ તરીકે ઉત્પન્ન થયા.**

૯. દ્રૌપદીને લઈ આવ્યા પછી પાંડવોએ કઈ નગરી વસાવી? તેમના પુત્રનું નામ શું હતું?

**જ. દ્રૌપદીને લઈ આવ્યા પછી પાંડવોએ પાંડુમથુરા નગરી વસાવી. તેમના પુત્રનું નામ પાંડુસેન હતું.**

૧૦. પંચજન્ય શંખનો નાદ સાંભળીને કપિલ વાસુદેવને શું વિચાર આવ્યો?

**જ. શું ધાતકીખંડ દ્વીપના ભારત વર્ષમાં બીજા વાસુદેવ ઉત્પન્ન થયા છે કે જેના શંખનો ધ્વનિ મારા શંખના ધ્વનિ જેવો જ છે.**

**(૨૦)**

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૫)**

૧. ણિસ્સંકિય **ણિક્કંખિય, ણિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી ય ।**
**ઉવબૂહ થિરીકરણે, વચ્છલ્લ પભાવણે** અટ્ઠ ॥

**અર્થ : ૧) નિઃશંકતા ૨) નિષ્કાંક્ષા ૩) નિર્વિચિકિત્સા ૪) અમૂઢ દષ્ટિ – જ્ઞાનગર્ભિત દષ્ટિ ૫) ઉપબૃંહણ – પુષ્ટીકરણ ૬) સ્થિરીકરણ ૭) વાત્સલ્ય ૮) પ્રભાવના એ ૮ સમકિતના અંગ છે.**

૨. અકસાયમહક્ખાયં, **છઉમત્થસ્સ જિણસ્સ વા ।**

**એયં ચયરિત્તકરં, ચારિત્તં હોઈ** આહિયં ॥

**અર્થ : કષાય રહિત પાંચમું યથાખ્યાત ચારિત્ર છદ્મસ્થ મુનિએ અથવા કેવળી ભગવંતોને હોય છે. આ પાંચે ય પ્રકારના ચારિત્ર પૂર્વ સંચિત કર્મોને રિક્ત–ખાલી કરે છે, તેથી તેને ચારિત્ર કહે છે.**

૩. ણિસગ્ગુ**વએસ રુઈ, આણારુઈ સુત્ત બીયરુઈમેવ ।**
**અભિગમવિત્થારરુઈ, કિરિયા સંખેવ** ધમ્મરુઈ ॥

**અર્થ : નિસર્ગ રુચિ, ઉપદેશ રુચિ, આજ્ઞા રુચિ, સૂત્ર રુચિ, બીજ રુચિ, અભિગમ રુચિ, વિસ્તાર રુચિ, ક્રિયા રુચિ, સંક્ષેપ રુચિ અને ધર્મ રુચિ.**

૪. એયં **પંચવિહં ણાણં, દ્વ્વાણ ય ગુણાણ ય ।**
**પજ્જવાણં ચ સવ્વેસિં, ણાણં ણાણીહિં** દેસિયં ॥

**અર્થ : આ પાંચ પ્રકારનું જ્ઞાન અને સર્વ દ્રવ્ય, ગુણ અને તેની સમસ્ત પર્યાયોનું જ્ઞાન જ્ઞાનીનું પુરુષો દ્વારા નિરૂપિત છે.**

૫. ખવિત્તા **પુવ્વકમ્માઈ, સંજમેણ તવેણ ય ।**
**સવ્વદુક્ખ પહીણટ્ઠા,પક્કમંતિ** મહેસિણો ॥

**અર્થ : સંયમ અને તપથી પૂર્વકૃત કર્મોનો ક્ષય કરીને સર્વ દુ:ખોનો ક્ષય કરવા મહર્ષિઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર માં પરાક્રમ કરે છે, તેના ફળ સ્વરૂપ તેઓ સિદ્ધ ગતિ પ્રાપ્ત કરે છે.**

**(૨) નીચેના પ્રશ્નોના એક શબ્દમાં જવાબ લખો. (૫)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. સંયોગ શેનું લક્ષણ છે? | **પર્યાય** | ૨. ક્રિયાઓના પાલનમાં કઈ રુચિ છે? | **ક્રિયારુચિ** |
| ૩. કાળનું લક્ષણ શું છે? | **વર્તના** | ૪. કયા સુખની આકાંક્ષા ન રાખવી? | **ભૌતિક** |
| ૫. આચાર કેટલા છે? | **આઠ** | ૬. સમ્યક્ત્વમાં શેની ભજના છે? | **ચારિત્ર** |
| ૭. પહેલું ચારિત્ર કયું છે? | **સામાયિક** | ૮. સમકિતના અતિચાર કેટલા છે? | **પાંચ** |
| ૯. રુચિ કેટલી છે? | **દશ** | ૧૦. મોક્ષમાર્ગ ગતિની ગાથા કેટલી છે? | **છત્રીસ** |

**(૨૦)**

**પ્ર. ૫ ૨૩ પદવીના આધારે નીચેના પ્રશ્નના જવાબ લખો.**

૧. વાસુદેવના સાત રત્નના નામ લખો.

**જ. વાસુદેવના સાત રત્નના નામ–પંચજન્ય શંખ ૨) સુદર્શન ચક્ર ૩) કૌમુદિકી ગદા ૪) શાઙગ ધનુષ્ય ૫) નંદન ખડગ ૬) કૌસ્તુભ મણિ ૭) વનમાળા.**

૨. ચક્રવર્તીને ત્યાં સર્વ પ્રથમ કયું રત્ન ઉત્પન્ન થાય છે? બીજા રત્નો દેવો ક્યાં મૂકે છે?

**જ. ચક્રવર્તીને ત્યાં સર્વ પ્રથમ આયુધશાળામાં ચક્ર રત્ન ઉત્પન્ન થાય છે. યથાયોગ્ય સમયે છત્ર રત્ન, દંડ રત્ન, ખડગ રત્ન દેવો આયુધશાળામાં મૂકે છે અને ચર્મ રત્ન આદિ લક્ષ્મી ભંડારમાં સ્થાપિત કરે છે.**

૩. વિજયનો દેવ કઈ પદવી ન પામે? શા માટે?

**જ. વિજયનો દેવ ૭ એકેન્દ્રિય રત્ન, ૭ પંચેન્દ્રિય રત્ન અને ૧ વાસુદેવ એ ૧૫ પદવી ન પામે કારણ કે અનુત્તર વિમાનમાં ગયેલો જીવ પોતાના શેષ ભવભ્રમણમાં અવશ્ય કર્મભૂમિના મનુષ્ય અને વૈમાનિક જાતિના દેવના જ ભવ કરે છે.**

૪. ત્રણ ખંડના ધણીના ભાઈને કેટલી અને કઈ પદવી હોય? તે પદવી બીજે ક્યાં ક્યાં હોય?

**જ. ત્રણ ખંડના ધણીના ભાઈ બળદેવને પાંચ પદવી હોય. બળદેવ, કેવળી, સાધુ, સમકિત, માંડલિક. તે પદવી બીજે મનુષ્ય, પુરુષવેદ, મનુષ્ય ગતિ, મધ્યમ અવગાહના, અઢીદ્વીપ, ભરતક્ષેત્રમાં ઉત્ પદવી, અધોલોક, તિર્છાલોક, ગર્ભજ, પંચેન્દ્રિય, સમકિત દષ્ટિ.**

૫. જેમની અવગાહના ચક્રવર્તી જેટલી હોય તે કોણ? તે કેટલી નરકમાંથી નીકળેલા હોઈ શકે? કઈ કઈ?

**જ. જેમની અવગાહના ચક્રવર્તી જેટલી હોય તે સેનાપતિ, ગાથાપતિ, વાર્ધિક, પુરોહિત. તે છ નરકમાંથી નીકળેલા**

**હોય શકે. ૧ થી ૬ નરક.**

૬. જે જ્ઞાન સાધુને ઉત્પન્ન થાય તેમાં કેટલી અને કઈ પદવીનો આવે?

**જ. મન:પર્યવ જ્ઞાનમાં ૩ પદવી તે તીર્થંકર, સાધુ, સમકિત. (તીર્થંકર દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે મન:પર્યવ જ્ઞાન પ્રગટ થાય છે તે અપેક્ષાએ તીર્થંકરની ગણના છે.) કેવળજ્ઞાનમાં ૪ પદવી તે તીર્થંકર, કેવળી, સાધુ, સમકિત.**

૭. ઊર્ધ્વલોકમાં કેટલી અને કઈ પદવી હોય? શા માટે?

**જ. ઊર્ધ્વલોકમાં ૫ પદવી લાભે. કેવળી (કેવળ સમુદ્‌ઘાતની અપેક્ષા), સાધુ (જંઘાચારણ, વિદ્યાચારણ), શ્રાવક (તિર્યંચ), સમકિત (સંહરણ અપેક્ષા), માંડલિક (સંહરણ અપેક્ષા).**

૮. માખી અને ગ્રહમાં કેટલી અને કઈ પદવીનો આવે?

**જ. માખીમાં નવ પદવીનો આવે–સાત એકેન્દ્રિય રત્ન, એક માંડલિક રાજા, એક સમ્યક્‌દૃષ્ટિ.**
**ગ્રહમાં બે પદવીનો આવે–સમકિતી, માંડલિક રાજા. (એકે. રત્ન, પંચે. રત્ન, ચક્રવર્તી, વાસુદેવ દેવગતિમાં આવતા નથી.)**

૯. આયુધશાળામાં ઉત્પન્ન થતા રત્નનું કાર્ય શું છે?

**જ. આયુધશાળામાં ઉત્પન્ન થતા રત્નનું કાર્ય – ચક્રરત્ન–છ ખંડ સાધવાનો માર્ગ દેખાડે. છત્રરત્ન–ઉ. ૧૨ યોજન સુધી છાયા કરે. દંડરત્ન–તમિસ્ર, ખંડપ્રપાત ગુફાના દરવાજા ઉઘાડે. ખડગરત્ન–શત્રુને હણે.**

૧૦. સ્ત્રી રત્ન, મહાવિદેહની એક વિજયમાં, ભદ્દે અને ગાયમાં કેટલી અને કઈ પદવી લાભે?

**જ. સ્ત્રીરત્ન–૧ સ્ત્રીરત્ન પદવી લાભે. મહાવિદેહની એક વિજયમાં–બળદેવ, વાસુદેવ વર્જીને ૨૧ પદવી લાભે. ભદ્દે–૧ સમકિતની પદવી લાભે. ગાય–૨ શ્રાવક, સમકિત પદવી લાભે.**

(૧૦)

**પ્ર. ૬ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. ઔદારિક મિશ્રયોગી ત્રસમાં | ૦ | ૧૮ | ૨૧૭ | ૦ | ૩ વિકલેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિ.પંચે., ૮ ના અપર્યા., ૧૦ સંજ્ઞી તિ.પંચે.ના, ૨૦૨ મનુષ્યના અપર્યા., ૧૫ કર્મભૂમિના પર્યા. | ૨૩૫ |
| ૨. મિથ્યાત્વી વૈક્રિય મિશ્રયોગીમાં | ૧૪ | ૬ | ૧૫ | ૧૭૯ | ૧૪ ભેદ નારકી, ૫ સંજ્ઞી તિ.પંચે., બાદર વાયુ એ ૬ ના પર્યા., ૧૫ કર્મભૂમિમાં પર્યા., ૧૯૮ દેવમાંથી ૧૦ અનુત્તર વિમાન, ૯ ગ્રૈવેયકના પર્યા. વર્જીને | ૨૧૪ |
| ૩. ત્રસ વૈક્રિય મિશ્રમાં | ૧૪ | ૫ | ૧૫ | ૧૮૪ | ૧૪ ભેદ નારકી, ૫ સંજ્ઞી તિ.પંચે. ના પર્યા., ૧૫ કર્મભૂમિના પર્યા., ૧૯૮ દેવમાંથી ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાનના પર્યા. વર્જીને | ૨૧૮ |
| ૪. લવણ સમુદ્ર ત્રસ મિશ્રયોગીમાં | ૦ | ૧૮ | ૧૧૨ | ૦ | ૩ વિકલે., ૫ અસંજ્ઞી તિ.પંચે. ૮ ના અપર્યા., ૧૦ સંજ્ઞી તિ.પંચે.ના, ૫૬ સંમૂર્ચ્છિમ મનુષ્ય અને ૫૬ સંજ્ઞી મનુષ્ય એ ૧૧૨ ના અપર્યા. | ૧૩૦ |
| ૫. બાદર ઔદારિક મિશ્રયોગીમાં | ૦ | ૨૫ | ૨૧૭ | ૦ | ૨૪ અપર્યા.માંથી ૫ સૂક્ષ્મના વર્જીને ૧૯, ૧ બાદર વાયુ પર્યા., ૫ સંજ્ઞી તિ.પંચે.ના પર્યા., ૨૦૨ મનુષ્યના અપર્યા., ૧૫ કર્મભૂમિના પર્યા. | ૨૪૨ |